## જન્મદિને વધામણી


કાંતિભાઈ એમ શર્મા
પ્રેસ ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧


લીલાબેન દેસાઈ
લાયોનેસ ક્લબ


અર્ચના ભટ્ટ
લાયોનેસ ક્લબ


સ્તુતિ આર ઓઝા
ફોન : ૨૩૨૨૫૭૬૫


અયાન નિશાન્ત ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬


વિશ્વા જતીન જોષી
મો. ૯૯૨૪૪ ૮૨૨૧૧


આશ્વી દિક્ષીત વાઘેલા


નવ્યા હેમાંગ ગોર
મો. ૯૮૨૫૯ ૩૦૩૭૩

# જિલ્લાકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે શ્રી જે બી પ્રાથમિક શાળાની બે કૃતિઓ પસંદ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર અને તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તાજેતરમાં યોજવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન શિક્ષકોના સહિયારા પ્રયાસોથીતૈયાર કરેલી પાંચ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પૈકી બે કૃતિની પસંદગી જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે કરવામાં આવી છે. શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન શુભકામનાઓ પાઠવી છે.

જિલ્લકક્ષા માટે પસંદ થયેલી બે કૃતિઓ પૈકી એક કૃતિ સ્વાસ્થ્ય અને સુખાકારી વિભાગમાં પસંદ થઈ હતી, જેનું શિર્ષક હતું સ્વચ્છ ભારત માટે નાવિન્યપૂર્ણ વિચારો રજૂ કરતું મોડેલ. શિક્ષક દિગ્નેશભાઈ આર પટેલના માર્ગદર્શનમાં આ કૃતિ ખુશ શૈલેષકુમાર પટેલ અને દેવર્શ ચેતનભાઈ પ્રજાપતિ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી.

બીજી કૃતિ ગાણિતીક નમૂનાઓનું નિર્માણ વિભાગમાં પ્રસ્તુત કરવામાં આવી હતી, જેનું શિર્ષક હતું પેન્ટોગ્રાફ. શિક્ષક વિક્રમભાઈ કે પટેલના માર્ગદર્શનમાં જય પ્રવીણભાઈ પટેલ અને સમીર સુરેશભાઈ પ્રજાપતિ દ્વારા આ કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી.

### ગાંધીનગરની બીબીએ કૉલેજના

# વિદ્યાર્થીઓ દ્વારા વાડીલાલ આઈસક્રીમ પ્લાન્ટની મુલાકાત



ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન(બીબીએ) દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે ગુજરાતની પ્રતિષ્ઠિત આઈસ્ક્રીમ કંપની વાડીલાલના પ્લાન્ટની ખાતે લઈ જવામાં આવ્યા હતા. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા.આ મુલાકાત દરમ્યાન ૫૮ વિદ્યાર્થીઓને ૨૯- ૨૯ વિદ્યાર્થીઓની બે ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. અહીં વિદ્યાર્થીઓને વવિધ પ્રકારના આઈસ્ક્રીમ તેમજ કેન્ડી બનવવા માટેની કેપ અને ફીલિંગ અને પેકેજીંગ તેમજ ટેસ્ટીંગ બાબતે ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યું. કંપનીના હાયજીન સ્ટાન્ડર્ડ વિષે પણ ઉપભોક્તાઓની કેટલી સંભાળ કંપની રાખે છે. તેપણ સમજાવવામાં આવ્યું. સમગ્ર ઉત્પાદન લાઈન બાબતની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી.વિદ્યાર્થીઓ એ કંપનીના એચ.આર વિભાગ તેમજ વહીવટી વિભાગ અને મેનેજમેન્ટ માર્કેટિંગ જેવી બાબતોનો પણ અભ્યાસ કર્યો.કંપનીના માર્ગદર્શક ટીમ દ્વારા વિદ્યાર્થીઓને તેમને પૂછેલા તમામ ક્ષેત્રના સંતોષકારક જવાબ મળ્યા. જે ખૂબ આવકાર દાયક બાબત કહી શકાય. કંપની દ્વારા તમામ પ્રોડક્ટની ગુણવતા જાળવવા લેવામાં આવતા પગલા બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી સાથે સાથે સ્વચ્છતા બાબતે લેવાતા પગલાઓ ની માહિતી આપવા માં આવી હતી કંપની દ્વારા આઈસ્કીમ માં અનેક ફ્લેવર્સ તેમજ કેન્ડી સહીતની પ્રૉડક્ટ્સ કેટેગરી પ્રમાણે ગ્રાહક સુધી પંહોચાડવામાં આવે છે.જેમા પ્લાન્ટ માં દૂધ તેમજ અન્ય સામગ્રી પંહોચે ત્યાર બાદ તેના ઉપર થતી પ્રોસેસ થી લઈ પેકિંગ સુધીની તમામ બાબતો જીણવટ પૂર્વક સમજાવવામાં આવી હતી.

આ વિઝિટને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ દ્વારા ખુબ જ સુંદર સહકાર આપવામાં આવ્યો હતો. કંપની નાં એચ. આર ઑફીસર દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા હતા. સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ ટ્રેનીગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડૉ. જયેશતન્ના તેમજ પ્રો માર્ગી દેસાઈ દ્વારા સફળતાપુર્વક પૂર્ણ કરવામાં આવ્યુ હતુ.

## ઍમ બી પટેલ કન્યા વિદ્યાલયની ત્રણ કૃતિઓ જિલ્લાકક્ષાના વિજ્ઞાન મેળામાં પહોંચી

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જીસીઈઆરટી દ્વારા ગાંધીનગર તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો તાજેતરમાં સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષકો અને વિદ્યાર્થીની બહેનોના સહકારથી પાંચ વિભાગમાં કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તે પૈકી બીજા વિભાગમાં ટકાઉ ખેતી, ત્રીજા વિભાગમાં સૌર ઊર્જા વડે પાણી ગરમ કરવું અને ચોથા વિભાગમાં અકસ્માત નિવારણ અંગેની કૃતિ જિલ્લાકક્ષાના વિજ્ઞાન મેળા માટે પસંદગી પામી હતી.

સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન પટેલે વિજેતા વિદ્યાર્થીનીઓ, શિક્ષકોને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

## સૅક્ટર-૮ની આદર્શ નિવાસી કન્યા શાળા જિલ્લાકક્ષાના યુવા ઉત્સવમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૯

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો યુવા મહોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ દ્વારા શ્રેષ્ઠ દેખાવ કરવામાં આવ્યો હતો.

લોકનૃત્ય અને સમૂહ ગીતમાં આ શાળાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત એકપાત્રીય અભિનયમાં મીનાક્ષી રાઠોડ પ્રથમ, લોકગીતમાં કિંજલ રાઠોડ પ્રથમ, હળવું કંઠ્ય સંગીતમાં કિંજલ રાઠોડ પ્રથમ, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં રાધિકા મકવાણા, દ્વિતિય, નિબંધમાં નીરૂ પરમાર દ્વિતિય, શીઘ્ર વક્તૃત્ત્વમાં માનસી પરમાર દ્વિતિય, ભજનમાં જાહ્નવી રાઠોડ દ્વિતિય અને વક્તૃત્ત્વમાં અમીલા સાધુ તૃતિય ક્રમે વિજેતા બન્યાં હતાં. સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્ય કુસુમબેન ચૌહાણ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### મુખ્યમંત્રી રાહત નિધિમાં

# રાજ્યના વિશિષ્ટ શિક્ષકો તરફથી દોઢ લાખની સહાય



ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં અનુદાનિત દિવ્યાંગજનોની માધ્યમિક તબક્કે સંમિલિત શિક્ષણ યોજના - રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગાંધીનગર અંતર્ગત આઈઈડીઍસઍસમાં કાર્યરત દિવ્યાંગ બાળકોના સમગ્ર ગુજરાતના વિશિષ્ટ શિક્ષકો તરફથી બનાસકાંઠા જિલ્લામાં પૂર રાહત માટે મુખ્યમંત્રી રાહતનિધિમાં રૂા. ૧,૫૧,૦૦૦ અર્પણ કરવામાં આવ્યા હતા. આ રકમનો ચૅક રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને અખિલ ગુજરાત સંકલિત શિક્ષણ શિક્ષક મંડળના પ્રમુખ કિરીટસિંહ ઝાલા, મહામંત્રી કમલેશ શ્રીમાળી, ઉપપ્રમુખ ગોવિંદસિંહ ચાવડા, સહમંત્રી કૃષ્ણકાન્ત પટેલ, ખજાનચી મુકેશ ચાવડા દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.

## સૅક્ટર-૮ની આદર્શ નિવાસી કન્યા શાળા જિલ્લાકક્ષાના ઍથ્લેટિક્સ રમતોત્સવમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાનો જિલ્લાકક્ષાનો ઍથ્લેટિક્સ રમતોત્સવ સ્પોર્ટ્સ ઑથોરિટી ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૫ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ સ્પર્ધામાં અન્ડર-૧૭ વિભાગમાં નિકીતા આર પરમાર ૧૦૦ મીટર, ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, મિત્તલ એ સોલંકી બરછી ફેંકમાં પ્રથમ અને ઓપન ગ્રૃપમાં ચંદ્રિકા એમ પંચાલ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ તમામ ખેલાડીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે થઈ હતી.

આ ઉપરાંત અન્ડર-૧૭ વિભાગમાં રાધિકા ઍસ મકવાણાએ ૮૦૦ મીટર દોડમાં દ્વિતિય અને અન્ડર-૧૯ વિભાગમાં ચંદ્રિકા ઍમ પંચાલે ૧૦૦ મીટર દોડમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

સૌ વિજેતા બહેનોને આચાર્ય કુસુમબેન ચૌહાણ અને શાળા પરિવારે અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડામાં કુલ પાંચ ગામોનાં ૧૧૭ વૃધ્ધ, નિરાધાર બહેનોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભાટાઈમાં ૭ બહેનોને પણ ચોખા આપવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં આર ડી રોહિત, જનાર્દન ઠક્કર, મિલિન્દભાઈ સંસ્થા તરફથી જોડાયા હતા.

# મળેલી મદદમાં દિવ્યતાનાં દર્શન કરીએ



vamlani@yahoo.co.uk

એક નવોદિત, ઊગતા, સંઘર્ષ કરી રહેલા પાર્શ્વગાયક પોતાનું પેટિયું રળવા માટે એક ફિલ્મીગીતમાં સમૂહમાં પોતાનો સ્વર આપી રહ્યા હતા. સ્ટુડિયોમાં રેકૉર્ડિંગ માટે એ ગાયક, અન્ય ગાયકો, સાજિંદાઓ અને સંગીત દિગ્દર્શક પહોંચી ગયા. કોઈ કારણસર એ દિવસે રેકૉર્ડિંગ રદ થયું. સૌ વાદ્યકારો અને ગાયક કલાકારો થોડીવારમાં જ સ્ટુડિયો છોડીને જતાં રહ્યા અને સ્ટુડિયો લગભગ ખાલી થઈ ગયો. છેલ્લે સંગીત દિગ્દર્શક સ્ટુડિઓમાથી બહાર નીકળતા હતા ત્યારે તેની નજર પેલા નવોદિત ગાયક યુવાન ઉપર પડી. એ યુવાન નીચી મુંડી રાખીને નિરાશ વદને સ્ટુડિઓના દરવાજે બેઠા હતા. બધા જ કલાકારો જતાં રહ્યા હતા એટલે સંગીત દિગ્દર્શકે એ યુવાનને ત્યાં બેસી રહેવાનુ કારણ પુછ્યું. પેલા યુવાને ઉત્તર આપ્યો કે ઘરથી સ્ટુડિયો સુધી પહોંચવાના પૈસા પોતાની પાસે હતા તેથી પોતે સ્ટુડિયો સુધી તો પહોંચી ગયા. પોતાને આશા હતી કે રેકૉર્ડિંગ થશે એટલે પૈસા મળશે અને પોતે ઘર સુધી પરત જઈ શકશે. રેકૉર્ડિંગ રદ થયું એટલે પૈસા ના મળ્યા. હવે પોતે વિચારે છે કે ઘર સુધી કેવી રીતે પહોંચવું.

સંગીતકારે યુવાનની વાત ધ્યાનથી સાંભળી. યુવાનની વ્યથા જાણી અને યુવાનને મદદ કરવાના આશયથી પોતાના ખિસ્સામાથી એક રૂપિયાનો સિક્કો કાઢીને તે યુવાનને આપ્યો અને કહ્યું કે જા, તારે ઘેર પહોંચી જા. એ સમયમાં એક રૂપિયા કિંમત બહુ મોટી હતી. એક રૂપિયા જેવી જેવી માતબર રકમનો સિક્કો જોઈને યુવાન તો ખૂબ જ ખુશ થઈ ગયા. સંગીત દિગ્દર્શકનો આભાર વ્યક્ત કરીને પોતે ખુશી ખુશી ત્યાથી ચાલતી પકડી.



ત્યાર પછી ધીમે ધીમે એ યુવાન ફિલ્મ ઉદ્યોગમાં એક ગાયક તરીકે પોતાનું સ્થાન જમાવતા ગયા અને નામ કમાતા ગયા. એક સમય એવો આવ્યો કે એ યુવાનનો ફિલ્મઉદ્યોગમાં પાર્શ્વગાયક તરિકે સિક્કો પાડવા લાગ્યો અને હિન્દી ફિલ્મઉદ્યોગમાં પાંચેક પુરુષ પાર્શ્વગાયકોમાં તેમની ગણના થવા લાગી અને અમુક ફિલ્મ અને સંગીત દિગ્દર્શકો માટે તેઓ એક અનિવાર્ય ગાયક બની ગયા.

એ ગાયક કલાકારે એ તેમણે એક રૂપિયાના સિક્કાની મદદ કરી હતી તેમની સાથે પણ ઘણું કામ કર્યું અને બંને વછે સારા સંબંધો પણ થયા. વર્ષો પછી, એક દિવસ એ જ સંગીત દિગ્દર્શક, એ ગાયકને ઘેર ભોજન માટે ગયા. ભોજન પતાવ્યા પછી બંને દિવાનખંડમાં બેઠા હતા. ત્યાં દીવાલ ઉપર ટિંગાડેલી એક સુંદર ફ્રેમ ઉપર સંગીત દિગ્દર્શકની નજર પડી. સંગીત દિગ્દર્શક ઊભા થયા અને ફ્રેમને ધ્યાનથી નિહાળી. એ ફ્રેમમાં એક રૂપિયાનો સિક્કો સુંદર રીતે મઢેલો હતો. સંગીતકારે એ રૂપિયાના સિક્કા વિષે અને તેને ફ્રેમમાં મઢવાનું કારણ આતુરતાથી પુછ્યું. પેલા યુવાને વર્ષો પહેલા બનેલી ઘટના કહી સંભળાવી. યુવાને સંગીત દિગ્દર્શકને કહ્યું કે એ સમયે સમૂહમાં પોતાનો સ્વર આપતા આ યુવાનને ઘર પહોંચવા માટે એક રૂપિયાનો સિક્કો આપી મદદ કરી હતી એ મદદને પોતે મહામૂલી મદદ સમજીને એ દિવસે એ સિક્કો પોતે વાપરવાને બદલે સાચવી રાખ્યો. એ દિવસે પોતે પગે ચાલીને પોતાને ઘેર ગયો હતો. પોતે એ સિક્કો માત્ર એક રૂપિયાનો સિક્કો જ ના માન્યો પણ ખુદા એ બક્ષેલી એક અમુલ્ય અને દિવ્ય ભેટ સમજીને પોતે સાચવી રાખ્યો. એ પાર્શ્વગાયકે એ સંગીત દિગ્દર્શક કહ્યું કે આ એ જ સિક્કો છે જે આ જ સંગીત દિગ્દર્શકે પોતાને આપ્યો હતો.

આખીયે ઘટના સાંભળીને, વર્ષો પહેલા પોતે આપેલી એક સિક્કાની મદદને જે રીતે એ યુવાને મૂલવી હતી એ જાણીને સંગીતકારની આંખો ભીંજાઈ ગઈ અને એ ગાયક કલાકારને ગદગદ થઈને ભેટી પડ્યા. સંગીત દિગ્દર્શકના હૃદયમાં એ ગાયક કલાકારનું જે સ્થાન હતું તેનાથી વધારે ઊંચું થઈ ગયું.

એ સંગીતકાર એટલે મહાન સંગીતકાર નૌશાદજી અને એ ગાયક કલાકાર એટલે બીજું કોઈ જ નહિ પણ મુલાયમ અવાજના માલિક મહમદ રફીજી.

કોઈપણ વ્યક્તિને પોતાના જીવનમાં ગમે ત્યારે, અચાનક જ , કોઈપણ પ્રકારની મદદ મળી જતી હોય છે. એ મદદ ક્યારેક જાણીતી વ્યકિત, ક્યારેક સ્નેહી, સંબંધી કે મિત્ર તરફથી તો ક્યારેક સાવ અજાણી વ્યક્તિ તરફથી મળી જતી હોય છે.

વ્યક્તિ ગમે ત્યારે ગમે એવી મુશ્કેલીમાં મુકાઈ શકે છે. એ મુશ્કેલી આર્થિક હોય શકે, સામાજિક હોય શકે, શારીરિક હોય કે માનસિક પણ હોય શકે. વ્યક્તિ જ્યારે એકદમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હોય, વ્યક્તિને જ્યારે એ મુશ્કેલીમાથી બહાર આવવાનો કોઈ જ રસ્તો ના મળતો હોય ત્યારે સાવ અચાનક જ, માગ્યા વિના જ મળી જતી મદદથી વ્યક્તિ જો પોતાની મુશ્કેલીમાથી પાર ઉતરી શકે તો એ મદદ ઈશ્વરની મદદ સિવાય બીજું શું હોય શકે?

નૌશાદજીએ મહમદ રફીજીને આપેલી એક નાની એવી મદદ રફીજી માટે જિંદગીભરનું સાંભરણું બની ગયું. એ સંભારણાનું તેમણે જીવનભર ગૌરવભેર જતન કર્યું. તેના થકી મદદ કરનાર નૌશાદજીને પણ પોતે ગૌરવ આપ્યું અને પોતે પણ ગૌરન્વિત થયા. તેના થકી નૌશાદજીનો રફીજી પ્રત્યેનો પ્રેમ અને સ્નેહ કદાચ બેવડાઈ ગયો હશે. આમ, મળેલી મદદ થકી આપનાર અને લેનાર બંનેના સંબંધોમાં નિકટતા આવી શકે છે.

(ક્રમશઃ)




(૧) ૨૦૧૭માં અન્ડર-૧૭ ફૂટબૉલ વિશ્વ કપની ફાઈનલ મૅચ કયા શહેરમાં યોજાશે ?
(એ) મુંબઈ
(બી) ગોવા
(સી) કોલકાતા
(ડી) ચેન્નઈ

(૨) મર્સીડીઝ અરાઓજ કયા દેશના નવા વડાપ્રધાન બન્યા છે ?
(એ) બ્રાઝિલ (બી) પેરુ
(સી) ઉરુગ્વે (ડી) ચિલી

(૩) ભારતીય મહિલા બોક્સર્સે અહમત કોમર્ટ ઈન્ટરનેશનલ બોકિંસગ ચેમ્પિયનશીપમાં કેટલા મેડલ જિત્યા હતા ?
(એ) ૬ (બી) ૧૧
(સી) ૧૪ (ડી) ૯

(૪) ૨૦૧૭માં વાય સી મોદીને કઈ સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(એ) સીઆરપીએફ (બી) સીબીઆઈ
(સી) ઍનઆઈએ (ડી) આઈબી

(૫) ‘ઈન્ડિયા : પ્રાયોરિટીઝ ફોર ધ ફયુચર’ પુસ્તકના લેખક કોણ છે ?
(એ) બિમલ જાલન (બી) રઘુરામ રાજન
(સી) ઉર્જિત પટેલ (ડી) વાય વી રેડ્ડી

(૬) ૨૦૧૭માં ન્યૂયોર્ક ખાતે આયોજિત સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની વાર્ષિક સત્ર બેઠકમાં ભારત તરફથી પ્રતિનિધિત્વ કોણ કરી રહ્યું છે ?
(એ) અરૂણ જેટલી (બી) રાજનાથસિંહ
(સી) સુષ્મા સ્વરાજ (ડી) મહેશ શર્મા

(૭) ૨૦૧૭માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિનને કયા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) શ્રમદાન દિવસ (બી) મોદી દિવસ
(સી) સેવા દિવસ (ડી) સ્વચ્છતા દિવસ

(૮) ૨૦૧૭માં ગૂગલે ભારતમાં કઈ મોબાઈલ સેવાનો પ્રારંભ કર્યો છે?
(એ) તેજસ (બી) તેજ
(સી) રફતાર (ડી) પ્લસ વન

(૯) તાજેતરમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી સહિત કેટલા મંત્રીઓએ વિધાન પરિષદના સભ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા છે ?
(એ) બે (બી) ચાર
(સી) સાત (ડી) પાંચ

(૧૦) ૨૦૦૨ નરોડા પાટિયા હત્યાકાંડ મામલે માયા કોડનાની તરફથી કયા રાજ્યસભા સાંસદે કોર્ટમાં જઈ જુબાની આપી હતી ?
(એ) એલ કે અડવાણી (બી) અમીત શાહ
(સી) અહમદ પટેલ (ડી) સુહેલ સિંહ